ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૧ તા.૧૮.૧૨.૨૦૧૭

------------

# ગુજરાતની જનતા જનાર્દનનો વિજય

------------

## વંશવાદ, જાતિવાદ અને તૃષ્ટીકરણની રાજનીતિ પર વિકાસવાદનો વિજય

------------

## સતત છઠ્ઠીવાર જનતા જનાર્દને ભાજપા પર પ્રેમ વરસાવ્યો, ભાજપાની મત ટકાવારી વધી

------------

## ભાજપા ગુજરાતની જનતાની આશા, અપેક્ષા અને આકાંક્ષા પર ખરી ઉતરશે - શ્રી વિજયભાઇ રૂપાણી

------------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ભાજપાનો વિજયરથ આગળ વધી રહ્યો છે. આજે આવેલ પરિણામોમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશની જનતાએ ભાજપાની લોકકલ્યાણની પ્રજાલક્ષી નીતિઓમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું કે, ૨૨ વર્ષના સુશાસન પછી ફરી ગુજરાતની જનતાએ અમને સતત છઠ્ઠીવાર સમર્થન આપીને એકવાર ફરી સેવા કરવાનો મોકો આપ્યો છે તે બદલ ગુજરાતની જનતા જનાર્દનને લાખ-લાખ અભિનંદન. ભાજપાની સરકાર ગુજરાતની વિકાસયાત્રાને અવિરતપણે આગળ લઇ જશે અને જનતા જનાર્દનની આશા, અપેક્ષા અને આકાંક્ષા પર ખરી ઉતરશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી પર દેશ અને ગુજરાતની જનતાએ અતૂટ વિશ્વાસ વ્યકત કર્યો છે, ગુજરાતમાં અમારી મતની ટકાવારી વધી છે અને જનતાએ મોદીજીની નીતિઓ પર સમર્થનની મહોર લગાવી દીધી છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીની વ્યુહ રચના અને માર્ગદર્શન થકી ગુજરાતમાંથી વંશવાદ, જાતિવાદ અને તૃષ્ટીકરણની રાજનીતિને જાકારો આપવામાં અમે સફળ થયા છીએ અને ગુજરાતની પ્રજાએ ફરી એકવાર વિકાસવાદ પર પોતાની મહોર મારી છે. કોંગ્રેસે જુઠ્ઠાણા ફેલાવ્યા હતા અને નિમ્ન કક્ષાની રાજનીતિ ગુજરાતમાં કરી હતી તેને ગુજરાતની શાણી- સમજુ પ્રજાએ જવાબ આપી દીધો છે.

શ્રી રૂપાણીએ ભાજપાના લાખો દેવતુલ્ય કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમ બદલ લાખ-લાખ અભિનંદન પાઠવ્યા હતા અને આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી રૂપાણીએ જણાવ્યું કે, આવનારા પાંચ વર્ષોમાં ભાજપા વિકાસની અવિરત યાત્રાને હજુ ખૂબ આગળ લઇ જશે અને સમાજના તમામ વર્ગો અને ક્ષેત્રોનો **"સૌનો સાથ, સૌનો વિકાસ"** મંત્ર સાથે વિકાસયાત્રામાં સહભાગી બનીને દિવ્ય ગુજરાત અને ભવ્ય ભારતની સંકલ્પનાને સિધ્ધ કરવા કટિબધ્ધ બનશે. ગુજરાતે દેશને ગુજરાત મોડેલ રજુ કરીને વિકાસના જે દિશાદર્શન કરાવ્યા છે તેમાં હજુ પણ ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે સતત કાર્યશીલ રહી વિકાસની નવી ઉંચાઇએ ગુજરાતને લઇ જવા કટિબધ્ધ બનશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૨ તા.૧૮.૧૨.૨૦૧૭

------------

**ગુજરાતીઓના ગૌરવ, ગરિમા અને સંસ્કારનો વિજય – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રજાલક્ષી નીતિઓ અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની કુશળ સંગઠનશક્તિનો વિજય

------------

**"ન્યુ ગુજરાત" થકી "ન્યુ ઈન્ડિયા"ની સંકલ્પના સાકાર કરીશુ – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતુ કે, ગુજરાતની પ્રજાએ સતત છઠ્ઠી વખત ભાજપામાં વિશ્વાસ મૂકીને જે વિજય અપાવ્યો છે તે સાડા છ કરોડ ગુજરાતીઓના ગૌરવ, ગરિમા અને સંસ્કારનો વિજય છે. ૨૨ વર્ષથી ભાજપા સતત પ્રજાની સેવાકાર્યો માટે કાર્યશીલ છે અને આવનારા પાંચ વર્ષોમાં ગુજરાતની વિકાસયાત્રાને અવિરતપણે આગળ વધારીને સર્વસમાજની સેવા માટે પોતાની કટિબધ્ધતા દર્શાવે છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું કે, આ ગાંધી-સરદારના ગુજરાતમાં આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રજાલક્ષી નીતિઓ અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની કુશળ સંગઠનશક્તિનો વિજય થયો છે. પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવના માર્ગદર્શનનો વિજય છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે પ્રજાકલ્યાણના સેવાયજ્ઞને અવિરતપણે આગળ ધપાવ્યો છે. આ સેવાયજ્ઞનો વિજય છે. ભાજપાના લાખો કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમનો વિજય છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું કે, ભાજપાનું કેન્દ્રીય નેતૃત્વ અને રાજ્યનું નેતૃત્વ ખડેપગે ચૂંટણી દરમ્યાન ઉભા રહીને કોંગ્રેસની નકારાત્મતા ખાળવામાં સફળ રહ્યા છીએ. કોંગ્રેસે આ ચૂંટણીઓ દરમ્યાન બંધારણની જોગવાઈઓનું અપમાન કર્યુ છે. રાજ્યને ખાલસા કરવા નીકળ્યા હોય તેવી રીતે ગુજરાતની ખીલ્લી ઉડાડી છે પરંતુ, ગુજરાતની શાણી-સમજુ પ્રજાએ તેમના આ જુઠ્ઠાણા અને નકારાત્મકતાની રાજનીતિ, જાતિવાદની રાજનીતિ, વેરઝેરની રાજનીતિ, તૃષ્ટીકરણની રાજનીતિને જાકારો આપી ફરી એક વખત વિકાસની રાજનીતિને સ્વીકારી છે તે બદલ શ્રી વાઘાણીએ ગુજરાતની જનતાનું ઋણ સ્વીકાર કરી આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રી વાઘાણીએ વધું જણાવ્યું હતુ કે, ગુજરાતની જનતા જનાર્દને કોંગ્રેસના શ્રી રાહુલ ગાંધીને વંશવાદની પરંપરાને આગળ વધારતાં રાષ્ટ્રીય અધ્યક્ષ બનવા બદલ ગુજરાત અને હિમાચલપ્રદેશમાં હારની ભેંટ આપી છે. કોંગ્રેસના દિગ્ગજોએ પણ પરાજય પામીને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રાહુલ ગાંધીને પરાજયની ભેંટ આપી છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, ગુજરાતની રાજનીતિમાં ભાજપાની છઠ્ઠીવાર સરકાર બનાવવાના આશીર્વાદ ગુજરાતની જનતાએ આપીને સકારાત્મક રાજનીતિનો એક નવો યુગ પ્રારંભ કર્યો છે. તેઓશ્રી ગુજરાતની જનતાનો ભાજપાના સમગ્ર ગુજરાત પરિવાર વતી આભાર માન્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)

પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૩ તા.૧૮.૧૨.૨૦૧૭

------------

# ભાજપાના પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે વિજયોત્સવ મનાવાયો

------------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે, ભાજપાની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સતત લગલગાટ છઠ્ઠીવાર જીત થતાં ગાંધીનગર-કોબા સ્થિત ભાજપાના પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. **"વંદે માતરમ્"**, **"ભારત માતા કી જય"** ના નારા સાથે કાર્યકરો અને શુભેચ્છકોએ વાતાવરણ ગજવી દીધું હતું.

ગુજરાત રાજ્યના યશસ્વી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી **"શ્રી કમલમ્"** કાર્યાલય આવી પહોંચતાં જ ભાજપાના વરિષ્ઠ નેતા શ્રી સુરેન્દ્રભાઇ પટેલે તેમનું ખેસ પહેરાવી હાર્દિક સ્વાગત કર્યું હતું. ઢોલ-નગારા અને ત્રાંસાના નાદ અને ભવ્ય આતશબાજી દ્વારા વિજયની ઉજવણી કરવામાં આવી હતી. ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીનું પણ ''શ્રી કમલમ્'' કાર્યાલય ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. હજારો કાર્યકર્તાઓ, શુભેચ્છકો તેમજ મીડિયા કર્મીઓને મોં મીઠું કરાવી વિજયોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

''શ્રી કમલમ્'' કાર્યાલય ખાતે વિજયોત્સવ પ્રસંગે રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી, ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી અને પ્રવક્તાશ્રી આઇ.કે.જાડેજા, શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, શ્રી ગોરધનભાઇ ઝડફીયા, મહામંત્રીશ્રી તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા, શ્રી કે.સી.પટેલ, ચૂંટણી આચારસંહિતાના ઇન્ચાર્જશ્રી પરિન્દુભાઇ ભગત, પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા, મીડિયા કન્વીનરશ્રી ડૉ. હર્ષદભાઇ પટેલ, પ્રવક્તાશ્રી યમલભાઇ વ્યાસ, પ્રદેશ મંત્રીશ્રી હર્ષદગીરી ગૌસ્વામી, પ્રદેશ મંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા, શ્રી મહેશભાઇ કસવાલા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. હજારોની સંખ્યામાં યુવા અને મહિલાઓ તેમજ શુભેચ્છકોએ વિજયોત્સવ મનાવ્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ